


"સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ..."

"હા...હા... ગાંધીબાપુ અમર રહો... આજે ગાંધી જયંતિ છે એટલે...?!"

"રાષ્ટ્રપિતા ગાંધી આપણા દેશનું અને આ ધરતીનુ ગૌરવ છે. યુગ પુરૂષ છે. ગાંધી એટલે ગાંધી..."

"હાસ્તો, ગાંધીજીની તોલે આવે એવો એક નેતા હજુ પાક્યો નથી કે પાકશે નહીં."

"પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વવિભૂતિ બને; સાહેબ એ તો આપણું પુણ્ય છે. ગાંધી જ્યાં જન્મ્યા ત્યાં આપણે જન્મ્યા."

"પણ મને કહો કે એવો કયો જાદુ ગાંધીને વિશ્વવિભૂતિ બનાવી ગયો. હજુ સમજમાં નથી આવતુ. હુ શોધુ છુ એ રહસ્ય."

"સાહેબ, સીધુ સાદુ સત્ય છે. 'મારૂ જીવન, એ જ મારો સંદેશ' જેનું જીવનસૂત્ર હોય એ યુગપુરૂષ જ બને. કરની અને કથનીમાં ભેદ ન હોય એ વિશ્વવિભૂતિ જ બને."

"એટલે...એટલે...એટલે..."

"એટલે-બેટલે શું..? આજે તો નામ ગાંધીનું લેવાનુ અને કામ ગોડસેના કરવાના... ગાંધીજીની વાતો કરવાની, સાદગીનો મહિમાગાન કરવાનો અને જલ્સાબંધ જીવવાનું. ચરખો ગાંધીનો કાંતવાનો અને મોંઘાદાટ વસ્ત્રો પરિધાન કરવાના. વાતો દારૂબંધીની કરવાની અને ચૂંટણીઓમાં લાખો રૂપિયાનો દારૂ વહેંચવાનો... કેટલું વામણું છે આજનું નેતૃત્વ..."

"હ... વાત સાચી છે તમારી... ગાંધીજીની વાત કરવાનો અધિકાર પણ આજના નેતાઓને નથી."

"અરે... સાહેબ..! મોહનમાંથી 'મહાત્મા' બનતા પૂજ્ય બાપુની આત્મકથા પણ જેણે ક્યારેય વાંચી નથી; જેમણે એના વિશે વિચાર્યુ નથી એવા એવા નેતાઓ બાપુની પ્રતિમાએ જઈ પુષ્પાંજલિ આપશે. ફોટાઓ છપાશે અને એકાદ બે ખોટા ભાષણો ઠોકી દેશે."

"હં... મને તો વિચાર આવે છે કે આમને થોડી લાજ-શરમ પણ નહી હોય..."

"સાહેબ... તો તો રાજકારણમાં જ ન આવ્યા હોતને. અહીં તો 'સત્યના પ્રયોગો' નહીં, 'અસત્યના પ્રયોગો' ચાલે છે. અહીંયા દેશની ચિંતા ક્યાં છે..? પોતાની ચિંતા છે, પોતાના પક્ષની ચિંતા છે, પોતાના જૂથની ચિંતા છે, આવા વામણા લોકોની વાતો ગાંધી જયંતિએ કરીએ તો પાપ લાગે."

"સકલ લોકમાં સૌને વંદે... નિંદા ન કરે કેની રે... વાચ-કાછ મન નિશ્ચલ રાખે... ધન ધન જન જનની તેની રે..." આ ગાંધીના પ્રિય ભજનની પંક્તિ સ્મરણપટ પર છવાઈ જાય છે. છોડો આ વાતને...

"સાહેબ... મારૂ તો માનવું છે કે નરસિંહ મહેતાનું વૈષ્ણવ જન... તમામ ધર્મોના ઉપદેશોનું અર્ક છે... અને તેના આઠે આઠ અંતરા જો હૃદયસ્ય થઈ જાય તો જીવન ધન્ય ધન્ય થઈ જાય... અને માનવ મહામાનવ બની જાય."

"સાચી વાત છે એટલે જ બાપુને વૈષ્ણવ જન... સૌથી પ્રિય હતુ

● અનુસંધાન પાન-૫ પર





તાજીયા ઝુલુસ - મહોરમ પર્વે શહેરના મુસ્લિમ બિરાદરો દ્વારા પરંપરાગત તાજીયા ઝુલુસનું આયોજન કરાયું હતું... સેક્ટર-૨૪, ૨૮ અને સેક્ટર-૨૯માં નીકળેલા તાજીયા ઝુલુસ ઘ-૬ થી ઘ-૫ એકત્ર થઈ અને શહેરના માર્ગો પર ફર્યું હતું... મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા... શહેરના જાહેર જીવનના આગેવાનોએ તાજીયાનું સ્વાગત કર્યું હતું અને કોમી એકતાની ભાવનાને વ્યક્ત કરી હતી....

# જિલ્લાના પાંચ ખેડૂતોના પાક-વીમાના દાવા મંજૂર કરાયા : પાંચ લાખ વળતર પેટે મળશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી પાક. વીમા યોજના અંતર્ગત પાંચ ખેડૂતોની દાવા અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને આ પાંચેય ખેડૂતોને એક સપ્તાહમાં તેમને વળતર પટે રૂ. ૫ લાખની રકમ ચુકવી આપવામાં આવશે.

તાજેતરમાં જિલ્લા કક્ષાની પાક. વીમા યોજના અંતર્ગત કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી. આ બેઠકમાં કુલ ૧૩ જેટલા ખેડૂતોની દાવા અરજીઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પછી ૮ જેટલી અરજીઓ અધૂરી અને પુરી વિગતો સાથેની ન હોવાથી નકારી દેવામાં આવી હતી.

આ પછી પાંચ ખેડૂતોને રૂ. ૫ લાખની રકમ વળતર પેટે વિમા કંપની દ્વારા ચુકવી આપવામાં આવશે. કપાસ અને મગફળીના પાક. વીમાની અરજીઓ જ ધ્યાને લેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં જુલાઈ, ઓગષ્ટ માસ દરમિયાન થયેલ ભારે વરસાદને કારણે ખેડૂતોને ૨૫ લાખ રૂ.નું નુકશાન થયાની દરખાસ્ત કૃષિ વિભાગે સરકારને કરી હતી. જેમાં ૩૩ ટકા કરતાં વધુ નુકશાન થયું હોય તેવા ખેડૂતોને જ ધ્યાને લેવામાં આવ્યા હતા.

જો કે પાક. વિમા કંપની એ તાલુકા કક્ષાએ અલગ કમિટી બનાવી અને તેણે પાકની સ્થિતિનું તારણ કાઢયું હતું. જેમાં માત્રને માત્ર પાંચ ખેડૂતોના જ દાવા મંજૂર કરવામાં આવ્યા છે.

પાક. વીમા યોજના આમ તો ઘણા સમયથી અમલમાં છે પણ નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં સત્તા સંભાળ્યા બાદ તેમાં સુધારા વધારા કરી નવી પાક. વીમા યોજના બનાવી હતી. જિલ્લામાં પહેલીવાર પાક. વીમા અંગે ખેડૂતોને વળતર મળશે તે નોંધનીય ઘટના છે.

પાક. વીમા અંગે લોન લેતી વખતે જ બારોબારી વીમા કંપનીએ પ્રિમીયમ કાપ્યા હતા ત્યારે ખેડૂતોએ ભારે રોષ વ્યકત કર્યો હતો અને કિસાન સંઘે પણ ખેડૂતોની આ વાતને વાચા આપી હતી તે નોંધનીય છે.

# વિકાસ મામલે બોલવાનો કોંગ્રેસને અધિકાર જ નથી

અમદાવાદ, તા. ૧

**ખેડૂતોને કોંગ્રેસના શાસનમાં ૧૮ ટકા વ્યાજે લોન જ્યારે ભાજપ શાસનમાં એક ટકાના વ્યાજે લોન : આનંદીબેન**

ગુજરાત ગૌરવ યાત્રાના દિવસે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસ ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, ૫૦ વર્ષના તેના શાસનમાં કોંગ્રેસે ગુજરાતના વિકાસને અવરોધવાનું જ કામ કર્યું હતુ જ્યારે ભાજપે તેના શાસન દરમિયાન માત્રને માત્ર ગુજરાતનો વિકાસ કરવાનું કામ કર્યું છે. બીજી બાજુ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, સુખીભઠ્ઠ સાબરમતીથી લઈને નર્મદા યોજના આડે અંતરાયો ઉભા કરનાર કોંગ્રેસને ગુજરાતના વિકાસ વિશે બોલવાનો લેશમાત્ર અધિકાર નથી. જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, કોંગ્રેસના પ્રપંચો, લોભામણી જાહેરાતો, જુઠ્ઠાણા ગુજરાતની જનતા સ્વિકારવાની નથી. ગૌરવ યાત્રા જનતાની યાત્રા છે. સર્વસમાજની યાત્રા છે. ગુજરાત ગૌરવ યાત્રા કોંગ્રેસની અંતિમ યાત્રા બની રહેશે. સૌ સાથે મળી આજ દિવાળી કાલ દિવાળી-કોંગ્રેસ તારી છેલ્લી દિવાળી એ અભિયાનને સાર્થક કરવા સૂચન કર્યુ હતું. આનંદીબેન પટેલે કહ્યું હતું કે, સાચા અર્થમાં વિકાસના કાર્યો ભાજપ શાસનમાં થયા છે. મોદીના શાસનકાળમાં વિકાસ કાર્યો શરૂ થયા હતો. બાળકોને ૧૦૦ ટકા શિક્ષણ, પોષણ, તેમના આરોગ્યની ચિંતા ભાજપ શાસને કરી છે. મા વાત્સલ્ય કાર્ડ દ્વારા ગરીબ પરિવારોના આરોગ્યની ચિંતા કરી ૭૦૦ કરોડ જેટલી જંગી રકમ તેને ફાળવવામાં આવી છે.

# આજે રાજ્યમાં આપ ચૂંટણી પ્રચાર આરંભશે

અમદાવાદ, તા.૧

આમ આદમી પાર્ટી દ્વારા આવતીકાલે તા.૨જી ઓકટોબરના રોજ ગાંધી જયંતિના શુભ દિવસથી ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓને લઈને પોતાના પક્ષના પ્રચારનો શહેરમાં એક વિશાળ રોડ શો યોજીને વિધિવત્ પ્રારંભ કરવામાં આવશે. નરોડા પાસે નાના ચિલોડા સર્કલથી ૨૨ કિલોમીટર લાંબા રોડ શોમાં આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રભારી ગોપાલ રાય સહિતના આગેવાનો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ભાગ લે તેવી શકયતા છે.

બીજીબાજુ, ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઈ આમ આદમી પાર્ટી દ્વારા વિવિધ બેઠકો પર તેના પસંદ કરાયેલા ઉમેદવારોના નામોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આવતીકાલે આમ આદમી પાર્ટી દ્વારા નીકાળવામાં આવનારા મેગા રોડ શોની તૈયારી કરી દેવામાં આવી છે.

# જિલ્લામાં આજે ખાસ ગ્રામસભાઓ

ગાંધીનગર, તા. ૧

આજે ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ખાસ ગ્રામસભા યોજવામાં આવનાર છે.

ગાંધી જયંતિની ઉજવણી સાથે યોજાનાર આ ગ્રામસભા અભિયાનમાં સ્વચ્છતા તેમજ નદી બચાવ અભિયાન અંતર્ગત ખાસ પ્રતિજ્ઞાઓ પણ ગ્રામજનોને લેવડાવવામાં આવનાર છે.

૩૦૩ ગામોમાં યોજાનાર આ ગ્રામસભા અભિયાન માટે જિલ્લાના ૧૦૦ જેટલા અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. સવારે ૧૧ વાગ્યાથી શરૂ થનારી આ ગ્રામસભાઓ સાંજે પાંચ વાગ્યા સુધી યોજાશે.



## નવરાત્રીનો થાક છતાં પુસ્તકપ્રેમીઓનો ઉમળકો

ગાંધીનગરમાં દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબમાં આ રવિવારે પણ નવરાત્રીનો થાક હોવા છતાં મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ ઉમટી પડ્યા હતા. આ વખતની પુસ્તક પરબમાં પુસ્તકોની નિયમિત જાવકના પ્રમાણમાં મોટી સંખ્યામાં આવક નોંધાઈ હતી. આ પુસ્તક પરબની નાના બાળકો, વિદ્યાર્થીઓ, મહિલાઓથી માંડીને અનેક અગ્રણી સાહિત્યકારો તથા અધિકારીઓએ પણ મુલાકાત લીધી હતી.

# કરમસદમાં અમિત શાહના જૂઠ્ઠાણાં પર કોંગ્રેસના પ્રહારો

**ખેડૂતોની માથાદીઠ આવક તો માત્ર ૭૯૨૬ રૂપિયા : ભાજપની ખેડૂત વિરોધી નીતિથી ખેડૂતો પાયમાલ થયા : કોંગ્રેસ**

અમદાવાદ, તા.૧

ભાજપની ગૌરવયાત્રા સામે આજે ગુજરાત કોંગ્રેસે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને ગૌરવયાત્રામાં સરદાર સાહેબની જન્મભૂમિમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા જૂઠ્ઠાણાંઓનો વરસાદ વરસાવી પ્રજાને ગેરમાર્ગે દોરી હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર, કૃષિ અને કાયદો-વ્યવસ્થા સહિતના ક્ષેત્રોમાં ભાજપના ૨૨ વર્ષના શાસનની નિષ્ફળતા છતી થઈ ગઈ છે તે બાબત આજે ભાજપના અધ્યક્ષના પ્રવચનમાં હતાશા અને નિરાશારૂપે સ્પષ્ટ જણાતી હતી. ભાજપની ખેડૂત વિરોધી નીતિથી ખેડૂતો પાયમાલ અને આત્મહત્યા માટે મજબૂર બન્યા છે. એગ્રીકલ્ચર સ્ટેસ્ટીકસ-૨૦૧૭

● અનુસંધાન પાન-૫ પર

# સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર બનવા કોઈ અભિનેતા તૈયાર નથી


**અનેક ગુજરાતી કલાકારોને પણ ઓફર કરાઈ ચુકી**

અમદાવાદ, તા.૧

રાજય સરકારે ખુશ્બુ ગુજરાત કીના પ્રોજેકટ હેઠળ બીગ-બી અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ સતત છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયથી વિવિધ ગુજરાતી હસ્તીઓ અને ફિલ્મ સ્ટારોને અમદાવાદ શહેરને સ્વચ્છ બનાવવાના કેમ્પેઈનમા જોડવા માટે અને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા પ્રયાસ કરી રહ્યુ છે આમ છતાં મ્યુનિસિપલ તંત્રને આ દિશામા હજુ સુધી કોઈ સફળતા મળી નથી. ઉપરથી સ્વચ્છતા ઝુબેશના નામે અમદાવાદ શહેરમાં મેયર સહિતના હોદ્દેદારો દ્વારા યોજવામા આવી રહેલા કાર્યક્રમો માત્ર એક પબ્લિસીટી હોવોનો વ્યાપક અભિપ્રાય જોવા મળી રહ્યો છે.

આ અંગેની વિગત એવી છે કે,રાજય સરકારે ખુશ્બુ ગુજરાત કી હેઠળ બીગ-બી અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા બાદઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાતી ફિલ્મોના સુપર સ્ટાર નરેશ કનોડિયાને સ્વચ્છ અમદાવાદ હેઠળ ગત વર્ષે-૨૦૧૬માં સ્વચ્છતાં આવનારા કાર્યક્રમો દરમ્યાન બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરવામા આવી હતી. ગત વર્ષે એ સમયે શહેરના મેયર ગૌતમ શાહે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કે,નરેશ કનોડિયાએ લોકોના દિલમાં સ્થાન જમાવ્યુ હોઈ લોકો સરળતાથી એમની વાત માનશે.

**બેસણું**



અમારા માતુશ્રી **લક્ષ્મીબા** નું તા.૩૦-૦૯-૧૭ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા.૦૨-૧૦-૧૭ને સોમવારનાં રોજ સવારે ૯ થી ૧ કલાકે** અમારા નિવાસ્થાને રાખેલ છે.

સ્થળઃ- બ્લોક નં.૧૭/૨, (ચ) ટાઈપ, વહાણવટી સ્કૂલ પાછળ, સેક્ટર- ૭/એ, ગાંધીનગર

નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ | ડો.મિલન એન.રાવલ
અ.સૌ.કપિલાબેન એન.રાવલ | અ.સૌ.સેજલ એમ.રાવલ

ફર્મઃ- મહેશ્વરી ફુડ એન્ડ બેકરી, સેક્ટર-૨૨, ગાંધીનગર મો.૯૯૨૫૮ ૧૦૧૫૯

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com